## જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક:

## ગ/ઉપક/ ૨૫ /૨૦૧૭,તા:૧૮/૦૯/૨૦૧૭

આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ અને વાહનોમાં જતા આવતા ઈસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રીની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસ દાયક કૃત્યોથી લોકોને અડચણ/ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શક્યતા રહે છે.અને તેમ થતું અટકાવવું જરુરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારુ માનવું છે.

તેથી હું એ.કે.સિંઘ,પોલીસ કમિશનર,અમદાવાદ શહેર,ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા:૨૧/૦૯/૨૦૧૭ થી તા:૩૦/૦૯/૨૦૧૭** દરમ્યાન કોઈપણ વ્યક્તિએ કોઈપણ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ કે વાહનોમાં જતા આવતા શખ્સો યા ઈસમો પાસેથી નવરાત્રી અને દશેરા અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહીં અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહી.નવરાત્રીની ઉજવણી દરમ્યાન કોઈ અશ્લિલ અરુચિકર કે ત્રાસદાયક દેખાય તેવા કૃત્યો કરવા નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૯૬૦ની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.જે ગુન્હો ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક:જીજી/૩૫૬/એસીબી-૧/સીએલએ/૧૦૮૯/૧૯૭૨૬,તા:૧૮/૧૨/૭૯થી એક પોલીસ અધિકારનો અને બિનજામીન લાયક ગુન્હો જાહેર થયેલ છે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો,આકાશવાણી કે દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ રોજ તા:૧૮/૦૯/૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

તા:૧૮/૦૯/૨૦૧૭
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

(P.T.O)